12687

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૬ જુલાઈ, ૨૦૨૦

શ્રી એમ. થેન્નારસન (IAS)
વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
બ્લોક નં.૩, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧
ગાંધીનગર.

**વિષય : હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નીતિ બાબત.**

**માનનીય સાહેબશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

આપશ્રી દ્વારા ઔદ્યોગિક એકમોને **COVID-19** પછી પુનર્જીવિત અને ઉદ્યોગોને વેગ આપવામાં લેવામાં આવેલ પગલાંઓને અમે બિરદાવીએ છીએ.

આપશ્રીના ધ્યાને લાવવાનું કે અંક્લેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીયેશન તરફથી અમોને એકપત્ર મળેલ છે જે અત્રે બિડાણ કરેલ છે. પત્રમાં તેઓએ જી.આઇ.ડી.સી. દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર જી.આઇ.ડી.સી./વ.ક./પ્રિ-વિતરણ/૭ તા. ૧૯-૬-૨૦૨૦ નો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે અપૂર્ણ વિક્સીત વસાહતમાં લગત પ્લોટ/શેડની ફાળવણી બાબતના પ્રશ્નની તા. ૧૯-૬-૨૦૨૦ ના પરિપત્રથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

જ્યારે પૂર્ણ વિક્સીત ઔદ્યોગિક વસાહતની બાબતમાં પણ વધુ સ્પષ્ટતાની આવશ્યક્તા છે. તા. ૧૯-૩-૨૦૨૦ ના પરિપત્ર જી.આઇ.ડી.સી./વ.ક./પ્રિ-વિતરણ/૭ (૧) અનુસાર **"છેલ્લા બે નાણાકીય વર્ષમાં થયેલ છેલ્લી હરાજી દરમ્યાન ઔદ્યોગિક પ્લોટ/શેડ ની ઉપજેલ મહત્તમ કિંમતને લગત પ્લોટ/શેડના ફાળવણી દર તરીકે ગણવાનો રહેશે અથવા પ્રવર્તમાન ફાળવણીદર + ૫૦% પ્રમાણે આવતી રકમ આમ ઉપરોક્ત બે રકમ પૈકી જે રકમ મહત્તમ હોય તેને લગત પ્લોટ/શેડના ફાળવણીદર તરીકે ગણવાનો રહેશે."** આપશ્રીને રજૂઆત કરીએ છીએ કે ઉદ્યોગોને પ્રવર્તમાન ફાળવણીદરના ૨૦% વધારી લગત પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવે.

વધુમાં ૫ વર્ષની અંદર ફાળવણી/ટ્રાન્સફર કરેલ પ્લોટ ડેવલપ ન કરેલ હોય તો પણ ખાલી પડેલ લગત પ્લોટ/ શેડની ફાળવણીમાં તેઓને અગ્રિમતાના ધોરણે જી.આઇ.ડી.સી.ના ૨૦૦૮ પહેલાંના સરક્યુલર મુજબ ફાળવવો જોઇએ, જેથી કરીને કેમીકલ ઉદ્યોગ સ્થાપવાની વિચારણા ધરાવતા ઉદ્યોગકારને બંને પ્લોટ એકત્રિકરણ કરી, સલામતી અને પર્યાવરણને જાળવણીને ધ્યાને રાખી પ્રોજેક્ટસ સ્થાપવામાં પણ સરળતા રહેશે.

ઉપરોક્ત બાબતે "Ease of Doing Business" માં સરળતા વધશે અને MSME ઉદ્યોગોની પ્રગતિનું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના ધ્યેયની પૂર્તિ થવામાં મદદરૂપ બનશે તથા રોજગારીની તકો વધશે.

આપ અમારી રજૂઆતને ધ્યાને લઈને જરૂરી પગલાં લેશો તેવી આશા સહ.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
ચીફ ઓપરેટીગ ઓફીસર

બિડાણ : ઉપર મુજબ

# ANKLESHWAR INDUSTRIES ASSOCIATION

Plot No. 618-619, GIDC Industrial Estate, Ankleshwar -393 002. Dist: Bharuch (Gujarat) INDIA
Telefax: +91 2646 221000, 222000, 253102 E-mail: info@aiaindia.org Web : www.aiaindia.org



President
MAHESH J. PATEL
Tel.:(O) + 91 2646 251351
Mobile: + 91 98241 25040

Hon. Gen. Secretary
RAMESH D. GABANI
Tel.:(O) +91 2646 223525
Mobile: + 91 93775 22525

Imm. Past President
CHANDRESH A. DEVANI
Tel.:(O) + 91 2646 250586
Mobile: + 91 93283 85000

Past President
VIPUL V. GAJERA
Tel.:(O) + 91 2646 222502
Mobile: + 91 98241 50500

Vice President
JAYESH H. PATEL
Tel.:(O) + 91 2646 238772
Mobile: + 91 98980 87509

Vice President
JASHU S. CHAUDHARY
Tel.:(O) + 91 2646 220055
Mobile: + 91 98244 76118

Hon. Treasurer
JITENDRA B. PATEL
Tel.:(O) + 91 2646 226011
Mobile: + 91 98252 50427

Hon. Jt. Secretary
Dr. DEV SHARAN SINGH
Tel.:(O) + 91 2646 238299
Mobile: + 91 94271 14248

Hon. Jt. Secretary
JATIN B. GANDHI
Mobile: + 91 93775 12003


સંદર્ભ: એઆઇએ/એમજેપી/૨૦૧૯-૨૦/760 ૦૧.૦૭.૨૦૨૦


GCCI
02 JUL 2020
Inw. No......702..........


પ્રમુખશ્રી,
ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ,
શ્રી અંબિકા મિલ્સ, ગુજરાત ચેમ્બર્સ બિલ્ડીંગ,
આશ્રમ રોડ,
અમદાવાદ.

વિષય: હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નિતિ બાબત.

સંદર્ભ: જીઆઇડીસીના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૦૩, તા. ૧૯.૦૩.૨૦૨૦ અને જીઆઇડીસી/વ.ક./પ્રિ-વિતરણ/૭, તા. ૧૯.૦૬.૨૦૨૦.

આદરણીયશ્રી સાહેબશ્રી,

સવિનય આપ સૌના પ્રયાસોથી હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નિતિ બાબતે ગુજરાત ઔદ્યોગિક વિસકાસ નિગમ દ્વારા પોલીસીમાં ફેરફાર કરવામાં આવેલ, જેનાથી ઘણા ઉદ્યોગોને લાભ મળેલ અને જે તે ઉદ્યોગોએ હયાત એકમોમાં વિસ્તરણ કરી, વિકાસ કરેલ, તે બદલ આપ સૌનો આભાર વ્યકત કરૂં છું.

રાજ્યની વસાહતોના ઉદ્યોગકારો તરફથી હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની માંગણી કરવામાં આવતી હોય છે. લગત પ્લોટની ફાળવણી સમયે વસુલવામાં આવતા લગત ચાર્જ બાબતની પુનઃ સમીક્ષા અંગેનો નિર્ણય ઉપરોકત સંદર્ભથી લેવામાં આવેલ છે.

અપુર્ણ વિકસિત વસાહતમાં લગત પ્લોટ/શેડની ફાળવણી બાબતના પ્રશ્નની તા. ૧૯.૦૬.૨૦૨૦ના સરકયુલરથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે, જ્યારે પુર્ણ વિકસિત ઔદ્યોગિક વસાહતના કિસ્સામાં પણ સ્પષ્ટતાની જરૂર છે. પુર્ણ વિકસિત ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગો માટે લગત પ્લોટ માટે છેલ્લા ૨ વર્ષમાં હરાજી દરમ્યાન ઉપજેલ મહત્તમ કિંમત અથવા પ્રવર્તમાન ફાળવણી દરના ૫૦% માંથી જે મહત્તમ હોય, તેને લગત પ્લોટ/શેડના ફાળવણીદાર ગણવો, તે વ્યાજબી નથી, તેના બદલે પ્રવર્તમાન ફાળવણીદરના ૨૦% વધારી લગત પ્લોટની ફાળવણી કરવી જોઇએ. આથી ઉપરોકત સરકયુલરમાં સ્પષ્ટતા લાવવી, ઉદ્યોગોને પ્રવર્તમાન ફાળવણીદરમાં ૨૦% વધારી, લગત પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવે, તેવી વિનંતી.

વધુમાં પાંચ વર્ષની અંદર ફાળવણી/ટ્રાન્સફર કરેલ પ્લોટ ડેવલપ ન કરેલ હોય, તો પણ ખાલી પડેલ લગત પ્લોટ/શેડની ફાળવણીમાં તેઓને અગ્રિમતાના ધોરણે જીઆઇડીસીના ૨૦૦૮ પહેલાંના સરકયુલર મુજબ ફાળવવો જોઇએ, જેથી કરીને કેમિકલ ઉદ્યોગ સ્થાપવાની વિચારણા ધરાવતા ઉદ્યોગકારને બંને પ્લોટ એકત્રિકરણ કરી, સલામતિ અને પર્યાવરણની જાળવણી ધ્યાને રાખી, પ્રોજેકટ સ્થાપવામાં સરળતા રહેશે, તે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

MJPatel
મહેશ જે. પટેલ
પ્રમુખ